# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM IN MUMBAI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં પેટ્રોકેમિકલ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે. મુંબઈમાં યોજાયેલા કેમિકલ – પેટ્રોકેમિકલ ક્ષેત્રના ઇન્ડીયા કેમ 2024 દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધન કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે વાઇબ્રન્ટ સમિટમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટર ક્ષેત્રે 5 લાખ, 34 હજાર કરોડના રોકાણ સાથે 3 હજાર 356 જેટલા પ્રોજેક્ટ આવ્યા છે.

(Byte – મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ )

---------------

## AHMEDABAD - BUS MA AAG

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આજે ભાડજથી નરોડા જતી ઈલેકટ્રીક BRTS બસમાં આગ લાગી હતી. બસના પાછળના ભાગે સ્પાર્ક થતા સમયસૂચકતા વાપરી ડ્રાઈવરે પ્રવાસીઓને બચાવ કરી નીચે ઉતારી દીધા બાદ વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. બસમાં 10થી વધુ પેસેન્જર મુસાફરી કરી રહ્યા હતા, આ ઘટનામાં કોઈ જાનહાની થઇ નથી. ફાયર ફાઈટરની 3 ગાડીઓએ ઘટના પર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો છે.

.................

## KHEL MAHAKUMBH 2.0

વર્ષ 2023-24 ના ખેલ મહાકુંભ 2.0માં વિક્રમી સંખ્યામાં અંદાજે 66 લાખથી વધુ રમતવીરોએ નોંધણી કરાવી છે. વર્ષ ૨૦૧૦માં યોજાયેલ પ્રથમ ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ૧૬ લાખ ૫૦ હજાર જેટલા રમતવીરોએ નોંધણી કરાવી હતી, આ આંકડો આ વર્ષે 66 લાખને પાર પહોંચ્યો છે. ચાલુ વર્ષે ૩૯ જેટલી વિવિધ રમતોનું આયોજન કરાયું છે. ખેલ મહાકુંભના માધ્યમથી ગુજરાતના ૧૬ ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું છે.

ખેલમહાકુંભ અંતર્ગત ગ્રામ્ય -તાલુકા- જિલ્લા- મહાનગરપાલિકા કક્ષા અને રાજ્યકક્ષાની રમતોમાં વિજેતા થયેલ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓ માટે રાજ્ય સરકાર સમર કોચીંગ કેમ્પનું આયોજન કરે છે, જેમાં વિનામૂલ્યે તાલીમ ઉપરાંત કેમ્પ દરમ્યાન નિવાસ, પ્રવાસ અને ભોજન આપવામાં આવે છે.

.................

## DAMAN KHADI MAHOTSAV

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી – NIFT ખાતે ખાદી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યભરમાંથી હાથશાળના કારીગરો તેમજ વણકરોએ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે કલાકારો દ્વારા હસ્ત કારીગરી, બાંધણી, ભરતકલા સહિતની વિવિધ હસ્તકલાઓ શીખવવામાં આવી. દરમિયાન વિદ્યાર્થીઓએ ખાદી મહોત્સવ વિશેના પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ- નીતરા અલમોઉલ ( વિદ્યાર્થી, નિફ્ટ )

-----------------------------------

## BANASKANTHA NAKLI GHEE

બનાસકાંઠાના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ડીસા ખાતે ત્રણ પેઢીમાં દરોડા પાડી શંકાસ્પદ ઘી અને તેલનો જથ્થો જપ્ત કર્યો છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, તંત્રે આ ત્રણ દરોડામાં 28 લાખ 79 હજાર 895 રૂપિયાની કિંમતનો અંદાજે 10 હજાર 638 કિલો જેટલો શંકાસ્પદ ખાદ્ય જથ્થો જપ્ત કર્યો છે. આ ખાદ્યપદાર્થો શંકાસ્પદ ગુણવત્તાવાળા હોવાથી લીધેલા નમૂનાઓના પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસર કાર્યવાહી હાથ ધરાશે.

----------------

# JAVAHAR NAVODAY VIDYALAY

દેવભૂમિદ્વારકા જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલયમાં વર્ષ 2025-26 માટે ધોરણ 9 અને 11માં પ્રવેશ મેળવવા માટેની પસંદગી પરીક્ષા આઠ ફેબ્રુઆરી 2025ના રોજ લેવાશે. આ પરીક્ષા માટે હાલ ધોરણ આઠ અને 10માં ભણતા વિદ્યાર્થીઓ નવોદય વિદ્યાલયની વેબસાઈટ Navodaya.gov.in પર આગામી 30 ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે, એમ જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

-------------------